# દરેડ પાસે પૂરપાટ ઝડપે આવતા ટ્રકે બાઈકને ઠોકરે લેતાં તરુણનું કરુણ મૃત્યુ

## એકના એક પુત્રનું અકાળે મોત નિપજતા પરિવારમાં અરેરાટી, ટ્રક ચાલક નાશી ગયો





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર નજીકના દરેડ વિસ્તારમાં વધુ એક હિટ એન્ડ રનની ઘટના બની છે, અને પુરપાટ ઝડપે આવી રહેલા એક ટ્રકના ચાલકે બાઈકને હડફેટમાં લઈ લેતાં બાઈક સવાર ઉપલેટા ગામના તરુણ નું અંતરિયાળ મૃત્યુ નીપજ્યું છે, પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધ્યો છે.આ ગોઝારા અકસ્માતમાં એકના એક પુત્રના મોતથી પરિવારમાં કરૂણ કલ્પાંત ફેલાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગર બાયપાસ ઉપર અવારનવાર અકસ્માતની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે શહેરની ભાગોળે આવેલા જી.આઈ.ડી.સી.એપલ ગેઈટ ૧ પાસે વધુ એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. એક ટ્રક ચાલકે વાયુવેગે પોતાનો ટ્રક ચલાવી સ્ટેરીંગ પરનું નિયંત્રણ ગુમાવી દેતાં બેકાબૂ ટ્રકે બાઈકને હડફેટે લીધું હતું.

જે અકસ્માતમાં રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ગઢાળા ગામના બાઈકસવાર રવીભાઈ અતુલભાઈ ઉટડીયા નામના ૧૭ વર્ષીય તરુણને શરીરે માથા સહિતના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેને તાત્કાલિક ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે ૧૦૮ મારફતે જામનગરની જી.જી.હોસ્પિટલમાં ખસેડાયો હતો. જોકે સારવાર મળે તે પહેલા જ કાળ આંબી જતાં રવીનું મૃત્યુ નિપજ્યું હોવાનું તબીબે જાહેર કર્યું હતું.

આ બનાવને પગલે પરિવારજનોમાં અરેરાટી ફેલાઈ છે. બીજી બાજુ પંચકોશી બી. ડિવિઝન પોલીસે મૃતક રવીના પિતા અતુલભાઈ ઉંટડીયાની ફરિયાદના આધારે અકસ્માત મામલે ટ્રકચાલક સામે ગુન્હો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

# વસઈ ગામે વૃદ્ધ મહાજન મહિલાની આશરે ૧૦ કરોડની જમીન પચાવી પાડવાના કારશો?

## વૃદ્ધ મહિલાની જમીનના ખોટા દસ્તાવેજો રજૂ કરી જમીન પચાવનાર એક વકીલ સહિત ૪ સામે પોલીસ

જામનગર : જામનગર નજીક સિક્કામાં રહેતા અને એકલવાયું જીવન જીવતા મહાજન વૃદ્ધ મહિલાની વસઈ ગામમાં આવેલી આશરે ૧૦ કરોડ રૂપિયાની કિંમતની ખેતીની જમીન પચાવી પાડવા માટેનો કારસો રચાયો છે, અને તેના બનાવટી દસ્તાવેજો રજૂ કરી જમીન પડાવવાનો કારશો રચનારા રાજકોટ અને ખંભાળિયાના ૩ શખ્સ અને એક વકીલ સામે પોલીસ ફરિયાદ નોંધાવાતાં ચકચાર જાગી છે.

જામનગર નજીક વસાઈ ગામમાં રહેતા અને એકલવાયું જીવન જીવતા રંજનબેન નરશીભાઈ સુમરીયા કે જેઓની વસઈ ગામમાં વડીલો પારજીત ખેતીની જમીન આવેલી છે, જેની હાલ બજાર કિંમત આશરે ૧૦ કરોડ રૂપિયા થાય છે.

ઉપરોક્ત જમીન પચાવી પાડવા માટે એક વકીલ સહિત ચાર શખ્સો દ્વારા કારસ્તાન કરવામાં આવ્યું હતું. રાજકોટમાં રહેતા સવદાસભાઈ અર્જુનભાઈ ચાવડા, તેમજ ટીબળી ગામના કિશોરભાઈ હેમગર ગોસાઈ, અને ખંભાળિયા તાલુકાના બેરાજા ગામના પુંજાભાઈ કાળુભાઈ તેમજ એક વકીલ રણછોડભાઈ નરસિંભાઈ પણસારાની મદદથી બનાવટી દસ્તાવેજો તૈયાર કરી લીધા હતા, અને તેમાં વૃદ્ધ મહિલાના અંગુઠાના નિશાન વગેરે લગાવીને નકલી દસ્તાવેજ તૈયાર કરી લીધો હતો, તેમજ જામનગરની સિવિલ અદાલતમાં આ ખોટા વેચાણ કરારને ખરા તરીકે રજૂ કરી વિશ્વાસ અને છેતરપિંડી કરાઈ હતી.

તાજેતરમાં મહાજન વૃદ્ધ મહિલાને ઉપરોકત કારસ્તાન અંગેની જાણકારી મળતા તેઓએ સિક્કા પોલીસ મથકનો સંપર્ક કર્યો હતો, અને રાજકોટ અને ખંભાળિયા પંથકના ત્રણ શખ્સો અને એક વકીલ સહિત ચાર સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવતાં પોલીસ ઈન્સ્પેક્ટર જ.જેમ ચાવડાએ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# દ્વારકામાં દીવાદાંડીના ત્રીજા માળેથી જનેતાએ પુત્રને ફેંકી પોતે પણ છલાંગ લગાવતા બંનેના મોત

## માતા-પુત્રના આપઘાતના બનાવમાં માતા સામે હત્યાનો ગુનો નોંધાયો : મૃતકના સાસુએ પતિ અને પુત્ર સામે મરી જવા મજબુર કાર્યાની પોલીસમાં રાવ



દ્વારકા : દ્વારકા શહેરમાં આવેલ દીવાદાંડી ઉપરથી પ્રથમ પુત્રને નીચે ફેંકી બાદ માતાએ પણ છલાંગ લગાવી આપઘાત કરી લેતા અરેરાટી ફેલાઈ જવા પામી છે. આ બનાવના પગલે સ્થાનિક પોલીસ અધિકારી સહિતનો સ્ટાફ તથા બનાવના સ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી જેમાં મૃતકના સાસુએ તેણી સામે પોલીસ મથકમાં પુત્રવધૂ સામે હત્યા અંગેની તેમજ પોતાના પતિ અને પુત્ર સામે પુત્રવધૂને મરી જવા મજબૂર કર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે બે અલગ અલગ ગુન્હા નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

આ બનાવની મળતી વિગત અનુસાર દ્વારકામાં ટીવી સ્ટેશન પાસે રહેતી સોયનાબેન મયુરભાઈ સોલંકી નામની ૩૫ વર્ષની પરણીતાએ તેના પુત્ર મયંક ( ઉ. વ. ૦૬ ) સાથે દ્વારકામાં આવેલ દીવાદાંડીના ત્રીજા માળેથી છલાંગ લગાવી પડતું મૂકતા બન્નેના કરુણ મૃત્યુ નિપજ્યા હતાં. આ બનાવના પગલે દ્વારકા પી. આઈ. એ. એલ. બારસિયા સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને બન્નેના મૃતદેહનો કબ્જો સંભાળી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ અર્થે મોકલી દેવામાં આવેલ.

આ સમગ્ર આપઘાતના બનાવમાં પોલીસ ચોપડે મામલો બહાર આવ્યો છે જેમાં મૃતકના સાસુ જીવીબેન મસરીભાઈ સોલંકીએ મૃતક સોયનાબેન કે જેઓએ તેના પુત્રને આપઘાત કરતી વેળાએ પોતાની સાથે દીવાદાંડી ઉપરથી નીચે ફેંકી દીધો હતો અને બાદ તેણીએ છલાંગ લગાવી મોત મીઠું કરી લેતા તેણી સામે હત્યા અંગેની ફરિયાદ નોંધાવી હતી.

ઉપરાંત જીવીબેન ગામીએ વધુ એક પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી જેમાં જણાવ્યું છે, કે પતિ મસરીભાઈ રામસીભાઈ ગામી અને પુત્ર મયુર આ બન્ને શખ્સએ મૃતક સોયનાબેનને દવા પી મરી જવાનુ મેણુ માર્યું હતું તેમજ મયુર ૯ વર્ષથી માતાને તથા તેના પત્ની અને પુત્રને જોતા ન હોય તેમ જણાવી ત્રાસ ગુજારતો હોઈ જેથી આખરે પોતાની પુત્રવધૂએ પુત્ર સાથે અંતિમ પગલું ભરી લીધું હતું અને તેણીને મરી જવા મજબૂર કરતા પોલીસે હાલતો બન્ને અલગ અલગ ફરિયાદ દાખલ કરી ઊંડાણપૂર્વકની તપાસ આરંભી છે.

# જામનગરના યુવાનને લોભામણી સ્કીમમાં ફસાવી ચાર શખ્સોએ રુ. ૨૩.૯૮ લાખ પડાવી લીધા

જામનગર : જામનગર નો એક કોન્ટ્રાક્ટર યુવાન શોર્ટકટથી નાણા મેળવવા માટેની એકના ડબલની સ્કીમમાં અમદાવાદની એક મહિલા સહીતના ચાર શખ્સોની ચુંગાલમાં ફસાયો હતો, અને તેણે રોકાણ કરવા માટે આપેલી રૂપિયા ૨૩.૯૮ લાખની રકમ કે જે પરત નહી કરી વિશ્વાસઘાત અને તેતરપિંડી કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાતાં ચકચાર જાગી છે.

મોટા ભાગના માણસો રૂપિયા કમાવવાની લાયમાં સોર્ટ કટ પસંદ કરતા હોય છે. આવી જ પ્રજાતિના માણસો અન્ય લોકોનું કરી નાખવા માટે જાળ બિછાવતા હોય છે, એ જાળમાં જે ફસાય તેને આર્થિક નુકસાની સિવાય કઈ મળતું નથી, છેલ્લે મામલો પોલીસ દફતર સુધી પહોચે છે, અને કોર્ટ કાર્યવાહી શરુ થતી હોય છે. આવો જ એક કિસ્સો જામનગરમાંથી સામે આવ્યો છે. જેમાં એક કોન્ટ્રાકટર એકના અનેક કરવાની લાલચમાં આવી ગયા અને ઠગબાજોની સ્કીમનો ભોગ બની જતા લાખો રૂપિયા ગુમાવી દીધા છે. અમદાવાદના ચાર શખ્સોએ આ આસામીને મોટા વળતરની લાલચ આપી ૨૩.૯૮ લાખની રકમ ખંખેરી લીધી હોવાનું જાહેર થયું છે. પોલીસે અમદાવાદના ૪ શખ્સો સામે છેતરપીંડી સબબ ફરિયાદ નોંધી તપાસ શરુ કરી છે.

અમદાવાદ રહેતા મનોજ પટેલ, હરીશ બારૈયા, પુજા રાવત, અને ભવ્ય પટેલ વાળા શખ્સોએ પૈસા કમાવવા સુયોજિત પ્લાન રચ્યો હતો. જે મુજબ રાજ્યભરમાં પોતાના પરિચિતોને જાણ કરી એકના અનેક રૂપિયા કરી આપવા માટે રોકાણની સ્કીમ લોન્ચ કરી, બે ગણું રીટર્ન આપવાની સ્કીમ તૈયારી કરી આ શખ્સોએ 'એક્સીસવર્ડ' કંપનીમાં રોકાણના નામે જાળ બિછાવી હતી.

અમદાવાદના મનોજ પટેલ, હરીશ બારૈયા, પુજા રાવત અને ભવ્ય પટેલ નામના શખ્સોએ એકના ડબલ આપવાની સ્કીમ લોન્ચ કરી જાળ બિછાવી હતી. જામનગર ખાતે તા.૧૫/૯/૨૦૨૪ના રોજ હોટેલ વિવિધ ખાતે એક લાલચી સેમીનારનું આયોજન કર્યો હતું. જેમાં ૭૦ થી વધુ લોકો જોડાયા હતા. જેમાં અમદાવાદના ઠગબાજોએ તમામને સમજાવેલ કે અમારી સાથે રોકાણ કરવાથી એક વર્ષે ડબલ અને બે વર્ષે ત્રણ ગણું રીટર્ન મળશે, વૈભવી હોટેલની ચમક દમક વચ્ચે ઠગબાજોએ હાજર લોકોને આઈડી બનાવી એક સોફ્ટવેરમાં રોકાણ અંગેનો ડેમો પણ બતાવ્યો હતો.

એક ખાનગી કંપનીમાં પેટા કોન્ટ્રાકટર તરીકે કાર્યરત એવા મયુર કાન્તીભાઈ ગોહિલએ જામનગર ખાતે તા. ૧૫/૯/૨૦૨૪ના રોજ યોજેલ સેમીનારમાં ભાગ લીધો હતો. જે સ્કીમ સારી લાગતા તેઓએ તા.૨૪/૯/૨૦૨૪ના રોજ આરોપી હરેશ બારૈયાના પત્ની સ્વેતા બારીયાના બેંક એકાઉન્ટમાં રૂપિયા ૩.૯૯ લાખ જમા કરાવ્યા હતા. ત્યારબાદ આરોપીઓએ એક આઈડી બનાવી મયુરભાઈને મોકલ્યું હતું. જેમાં રોકાણ, નફો અને નુકસાનીના આકડા બતાવવામાં આવતા હતા. ચાર લાખના રોકાણ બાદ બે'ક મહિનામાં વધુ નફો જે તે આઈડી પર દેખાતા મયુરભાઈ વધુ નાણા રોકવા માટે તૈયાર થયા હતા.

અને ગત તા. ૭/૧૦/૨૦૨૪ના રોજ આંગણિયા વાટે રૂપિયા ૨,૬૨૦૦૦, તા.૩/૨/૨૦૨૫ના રોજ આંગડીયા મારફતે રૂપિયા ૮,૫૫૦૦૦ તથા તા. ૧૫/૩/૨૦૨૫ના રોજ આંગડીયા વાટે રૂપિયા ૪,૬૮૦૦૦ અને તા.૩/૪/૨૦૨૫ના રોજ વધુ એક વખત આંગડિયા મારફતે રૂપિયા ૧,૪૮, ૫૦૦, અને તા.૨૮/૮/૨૦૨૫ના રોજ બેંક દ્વારા રૂપિયા ૯૫૦૦૦ અને તા. ૪/૯/૨૦૨૫ના રોજ રૂપિયા ૧,૫૩,૪૦૦ની રકમ બેંકમાં જમા કરાવી હતી. આમ કુલ ૨૩,૯૮,૭૦૦ની મૂડી મયુરભાઈએ એક વર્ષમાં જમા કરાવી હતી.

મયુરભાઈએ આશરે ૨૪ લાખનું રોકાણ કર્યા બાદ કંપનીના સોફ્ટવેરમાં તેની એન્ટ્રીઓ પણ બતાવતી હતી, અને આ રોકાણ બાદ મળેલ નફો પણ થતો હતો. તગડા રોકાણ બાદ મયુરભાઈએ જોઈતી રકમ વિડ્રો કરવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ જે તે એકાઉન્ટમાથી બેંક ખાતામાં ટ્રાન્સફર થતી ન હતી. જેથી તેઓએ કંપનીના ઠગબાજોનો સંપર્ક કર્યો હતો પરંતુ ઠગબાજો યેનકેન ઉતર આપી દેતા હતા. વારેવારે કોલ કરવામાં આવતા ઠગબાજો ધમકી સુધી પહોચી ગયા અને છેવટે તો ફોન રીસીવ કરવાનું પણ બંધ કરી દીધું હતું. જેને લઈને પોતે છેતરાઈ ગયા હોવાનું ભાન થયું હતું. જેથી તેમણે અમદાવાદની એક્સીસવર્ડ કંપનીના ચારેય શખ્સો સામે મયુરભાઈ ગોહિલે સીટી સી ડીવીજન પોલીસમાં અરજી કરી પોતાની ફરિયાદ આપી હતી. જેથી ચારેય ચીટરો સામે ગુનો નોંધી આરોપીઓ સુધી પહોચવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગરના મોમાઈનગરમાં પાણીની પાઈપ લાઈનના કામમાં ભ્રષ્ટાચાર અંગે શહેર યુવક કોંગ્રેસનું આવેદન





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના વોર્ડ નં. ૨ ના મોમાઈનગર મેઈન રોડ પર નાખેલી પાણી ની પાઈપ લાઈન માં થયેલા ભ્રષ્ટાચાર અંગે શહેર યુવક કોંગ્રેસ દ્વારા નાયબ મ્યુનિસિપલ કમિશનરને આવેદન પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી.

શહેરના વોર્ડ નંબર બે માં આવેલા મોમાઈનગર મેઈન રોડ પર હાલ સી સી રોડનું કામ ચાલુ છે, જે રોડના ખોદાણ કામ વખતે રોડ ની વચ્ચે પાણીની ડીઆઈ પાઈપ લાઈન નાખવામા આવી છે, આ લાઈન આશરે ૬ થી ૮ મહિના પહેલા નાખેલી છે, તેમ જાણવા મળેલ છે. આ લાઈન નાખવાના નિયમ અનુસાર પાણીની લાઈન જમીનથી આશરે ત્રણ ફૂટ નીચે હોવી જોઈએ ,પરંતુ આ લાઈન જમીન થી માત્ર એક ફૂટ ઉંડી રાખેલી છે. હાલ સીસી રોડનું કામ ચાલુ હોય આ લાઈન માત્ર એક ફૂટ ઊંડી નાખેલી છે.જે સ્પષ્ટ જોવા મળે છે. આ પાણીની લાઈનના કોન્ટ્રાકટમાં ભ્રષ્ટાચાર થયેલ છે. આથી તાત્કાલિક ધોરણે આ પાણીની લાઈનનું સર્વે કરી નિયમ અનુસાર કામ કરાવવામાં આવે તથા જે કોન્ટ્રાક્ટરે આ કામ કરી અને ભ્રષ્ટાચાર કરેલ છે, તે કોન્ટ્રાક્ટર પર કાયદેસરની કાર્યવાહી કરી એની સાથે જોડાયેલા જે તે અધિકારીઓ પર પણ કડક માં કડક પગલાં લેવામાં આવે.

જો આ કોન્ટ્રાક્ટર અને તેમાં સંડોવાયેલા અધિકારીઓને છાવરવામાં આવશે, તો ના છૂટકે કમિશનર કચેરીમાં આંદોલન કરવામાં આવશે, તેવી યુવક કોંગ્રેસ જામનગર શહેરના પ્રમુખ મહિપાલસિંહ જાડેજા એ ચીમકી પણ આપી છે.

# જામનગરમાં કન્સ્ટ્રક્શનના ધંધાર્થીને દુષ્કર્મના કેસમાં ફસાવી દેવાની ધમકી આપનાર સગીરા અને માતા, મામા સામે ફરિયાદ

## જુના કેસમાં સમાધાન કરવું હોય તો ૧૫ લાખ રૂપિયા આપવા પડશે તેવી માંગણી કરાઈ : ૨૫,૦૦૦ ચેક મારફતે પડાવી લીધા

જામનગર : જામનગરમાં શંકર ટેકરી વિસ્તારમાં રહેતા કન્સ્ટ્રક્શનના એક ધંધાર્થીને તેજ વિસ્તારમાં રહેતી એક સગીરા અને તેની માતા તથા મામાએ દુષ્કર્મ અંગેના જુના કેસમાં સમાધાન કરી લેવા માટે રૂપિયા ૧૫ લાખની માંગણી કર્યા ની અને ચેક મારફતે રૂપિયા ૨૫,૦૦૦ પડાવી લીધા ની ફરિયાદ સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવાતાં ભારે ચકચાર જાગી છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં શંકર ટેકરી વિસ્તારમાં રહેતા અને કન્સ્ટ્રકશનનો વ્યવસાય કરતા યુસુફભાઈ સીદીભાઈ ખીરા નામના ૪૫ વર્ષના સુમરા વેપારી યુવાને જામનગરના સીટી સી ડિવિઝન પોલીસ મથકમાં પોતાની પાસેથી જુના કેસના સમાધાન મામલે રૂપિયા ૧૫ લાખની માંગણી કરી ધાકધમકી આપી અને બળજબરીપૂર્વક રૂપિયા ૨૫,૦૦૦ ના ચેક લખાવી લેવા અંગે એક સગીરા અને તેની માતા તથા તેના મામા સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદીના નાના ભાઈ સામે આજથી એક વર્ષ પહેલાં દુષ્કર્મ અંગેની ફરિયાદ નોંધાવી હતી, જેમાં પોલીસ દ્વારા ફરિયાદીના નાના ભાઈની ધરપકડ કરાઈ હતી, અને જેલ હવાલે કર્યો હતો. જોકે પાછળથી તે જામીન મુક્ત થયો હતો.

દરમિયાન ભોગ બનનાર સગીરા અને તેની માતા તથા તેના મામા ત્રણેય ફરીયાદીની ઓફિસે આવ્યા હતા, અને દુષ્કર્મ ના જુના કેસમાં સમાધાન કરી લેવું હોય તો ૧૫ લાખ રૂપિયા આપવા પડશે, તેવી માંગણી કરી હતી. અને તેમ નહીં કરે તો નાના ભાઈને જે જામીન મળ્યા છે, તે જામીન પણ રદ કરાવી દેશે, અને ફરી જેલમાં મોકલશે, તેવી ધમકી આપી હતી. આરોપીઓ અવાર નવાર પૈસા ની માંગણી કરતા હતા, અને જો ૧૫ લાખની રકમ નહીં આપે, તો ફરીથી દુષ્કર્મ અંગેના બીજા કેસમાં બંને ભાઈઓને ફસાવી દેશે, તેવી પણ ધમકી આપી હતી. અને બળજબરીપૂર્વક ૨૫,૦૦૦ રૂપિયાનો ચેક લખાવી લીધો હતો. અને તે રકમ બેંકમાંથી ઉપાડી લીધી હતી.

ત્યાર પછી પણ પૈસાની માંગણી અને ધાકધમકી ચાલુ રહેતાં આખરે સીટી સી. ડિવિઝન પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો, અને આ ફરિયાદ નોંધાવી છે. જે મામલે પોલીસ વધુ તપાસ ચલાવે છે.

# મોરકંડા ગામે ઘોડીપાસા ફેંકતા સાત શખ્સોની ૧.૯૦ લાખની મતા સાથે ધરપકડ

## ધરાનગરમાં ગંજીપાના વડે જુગાર રમતા છ શખ્સોની અટકાયત



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેર અને મોરકંડા ગામમાં પોલીસે જુગાર અંગે બે સ્થળે દરોડા પાડી ૧૩ આરોપીઓની અટકાયત કરી લીધી છે, અને રૂપિયા બે લાખથી વધુની માલમતા કબજે કરી છે.

જામનગર નજીક મોરકંડા ગામના પાટીયા પાસે પઘોડીપાસાનો જુગાર રમી રહેલા જુનેદ ઉર્ફે બોદીયો, જુસબભાઈ ખફી, મહેબૂબ ઉર્ફે દાબેલી સત્તારભાઈ ચુડાસમા, ફિરોજ ઈસ્માઈલભાઈ ઉન્નડ, યાસીન કાસમભાઈ ડોસાણી, અસલમ ગફારભાઈ નોઈડા, વસીમ કાસમભાઈ ખીરા અને અફઝલ ઈકબાલભાઈ ખીરાની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧,૯૦,૫૦૦ની માલમતા કબજે કરી છે.

આ ઉપરાંત જામનગરના ધરાનગર -૧ હુસેની ચોક વિસ્તારમાંથી જાહેરમાં ગંજી પાના વડે જુગાર રમી રહેલા આરીફ ઉમરભાઈ સંધી, રાયમલ હાજીભાઈ સંધિ, સલીમ મહમદભાઈ તાયાણી, ઈમરાન ઈબ્રાહીમભાઈ સંધી, અજીજ કાસમભાઈ હાલેપોત્રા, અને અનીશ અબ્બાસભાઈ જુણેજાની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧૪,૪૯૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

# કાલાવડ નજીક એસ.ટી. બસ પલટી મારી જતાં ૨૦ મુસાફરો ઘાયલ

## જુનાગઢ-કાલાવડ રૂટની બસમાં કુલ ૪૦ મુસાફરો સવાર હતા : પાંચ મુસાફરોને વધુ ઈજા થવાથી જામનગર ખસેડાયા



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ નજીક ખંઢેરા ગામ પાસે શનિવારે રાત્રે એક એસ.ટી. બસ પલટી મારી જતાં તેમાં બેઠેલા ચાલીસ મુસાફરો પૈકી ૨૦ મુસાફરોને નાની મોટી ઈજા થઈ હતી, અને કાલાવડની સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાઈ હતી. જે પૈકી પાંચ મુસાફરોને વધુ ઈજા થઈ હોવાથી સારવાર માટે જામનગર રીફર કરાયા છે. પોલીસે એસટી બસના ચાલક સામે ગુનો નોંધ્યો છે.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જુનાગઢ કાલાવડ રૂટની જી.જે. ૧૮ ઝેડ.ટી. ૧૫૯૭ નંબરની એસટી બસ કે જે ગઈકાલે મોડી સાંજે જુનાગઢ તરફથી પરત ફરીને કાલાવડ તરફ આવી રહી હતી. જે દરમિયાન જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર કાલાવડ નજીક ખંઢેરા ગામના પાટીયા પાસે એસટી બસના ચાલકની બેદરકારીના કારણે પલટી મારી ગઈ હતી. જે અકસ્માતને લઈને બસમાં બેઠેલા ૪૦ જેટલા મુસાફરોમાં ભારે દેકારો બોલી ગયો હતો.

આ બનાવવાની જાણ થતાં કાલાવડ ગ્રામ્ય નો પોલીસ સ્ટાફ, તથા ૧૦૮ ની ટુકડી અને કેટલાક અન્ય સામાજિક કાર્યકરો વગેરે બનાવના સ્થળે દોડી ગયા હતા, અને ઈજાગ્રસ્તોને સારવારમાં પહોંચાડવા માટે મદદ કરી હતી.

કુલ ૨૦ મુસાફરોને નાની મોટી ઈજા થઈ હતી, અને તેઓને સૌપ્રથમ કાલાવડની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જે પૈકી એક મહિલાને એક બાળક સહિત પાંચ મુસાફરોને વધુ ઈજા થઈ હોવાથી ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ મારફતે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તમામની હાલ સારવાર ચાલી રહી છે.

આ અકસ્માતના બનાવ અંગે એસટી બસમાં મુસાફરી કરી રહેલા કાલાવડ ના શીતલા કોલોનીમાં રહેતા પાયલબા ઘોઘુભા જાડેજાએ એસટી બસના ચાલક સામે ફરિયાદ નોંધાવતાં કાલાવડ ગ્રામ્ય પોલીસે એસટી બસ ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અકસ્માતમાં એસટી બસના ચાલક અને કંડકટરને પણ ઈજા થઈ હોવાથી તેઓને સારવાર અપાઈ રહી છે.